# ગુજરાતી GUJARATI (ધોરણ – X [ 010 ]) Marking Scheme - 2018-19

| ક્રમ | પ્રશ્ન | ઉત્તરના મુદ્દા | ગુણ વિભાજન |
|---|---|---|---|
| | | Section – A (Advanced Reading Skill) | |
| ૧ | અ. | **ગદ્યસમીક્ષાના ઉત્તરો :**<br>(૧) લેખકના મનમાં ભારતની જનતા પ્રત્યે ખૂબ સ્નેહની ભાવના રહેલી છે.<br>(૨) લેખક કહે છે કે જો તે વિદેશમાં મૃત્યુ પામે તો તેમનો અગ્નિ-સંસ્કાર ત્યાં કરવામાં આવે.<br>(૩) લેખકે કહ્યું છે કે તેમની ભસ્મ પ્રયાગ મોકલી દેવામાં આવે. ભસ્મની એક મુટ્ઠી ગંગામાં વહેવડાવી દેવામાં આવે અને ભસ્મનો શેષ ભાગ વિમાન દ્વારા ખેતરોમાં વિખેરી દેવામાં આવે.<br>(૪) લેખકને ગંગા પર અપાર શ્રદ્ધા છે. ગંગા સાથે ભારતની સ્મૃતિઓ,આશાઓ અને તેની વિજયગાથાઓ જોડાયેલી છે. ગંગા યુગો પુરાણોથી ભારતીય સંસ્કૃતિ અને સભ્યતાનું પ્રતીક રહી છે.<br>(૫) ઉપરોક્ત ગદ્યખંડનું શીર્ષક 'ભારતનું ગૌરવ' અને 'ભારતની ગાથા'. (ઉચિત અને અર્થપૂર્ણ શીર્ષક સ્વીકાર્ય.) | **1 × 5 = 5** |
| | બ. | **ગદ્યસમીક્ષાના ઉત્તરો :**<br>(૧) આપણે ભગવાન પછી નારીના ઋણી છીએ.<br>(૨) કસમયે વિધવા થઈ જવું એ નારીના જીવનની , ઈશ્વર દ્વારા કરવામાં આવેલી સવિશેષ ક્રૂર મજાક છે.<br>(૩ ) વિધવા વિવાહ અતિ આવશ્યક છે કારણકે એના દ્વારા સમાજની શુદ્ધતા અને દેશની ઉન્નતિ સાધી શકાય છે.<br>(૪) આપણા સમાજના લોકો વિધવા સાથે વિવાહ કરવામાં અને વિધવાનો વિવાહ કરાવવામાં સંકોચ અનુભવે છે.<br>(૫) સમાજની શુદ્ધતા અને દેશની ઉન્નતિ માટે વિધવા વિવાહ આવશ્યક છે. | **1 × 5 = 5** |
| | ક. | **કાવ્ય સમીક્ષાના ઉત્તરો.**<br>(૧) મેહુલો વનવનમાં વરસી જાય છે.<br>(૨) પીળા પાનની ડમરી શમી જાય છે.<br>(૩) નીડમાં પારેવડાં ભીંજાય છે.<br>(૪) પાંપણ પલકે છે ત્યારે સ્નેહ નીતરે છે.<br>(૫) ડોલતી ડાળીઓમાં આકાશ વીંટળાય છે. | **1 × 5 = 5** |
| | | Section – B (Effective Writing Skill) | |
| ૨. | અ. | **કોઈપણ એક વિષય પર આશરે ૨૦૦ શબ્દોમાં નિબંધ લેખન**<br>- પ્રસ્તાવના ૧<br>- વિષયવસ્તુ ૩ | **8 × 1 = 8** |

| ક્રમ | પ્રશ્ન | ઉત્તરના મુદ્દા | ગુણ વિભાજન |
|---|---|---|---|
| | | - ભાષા અભિવ્યક્તિ ૧<br>- ભાષા શુદ્ધિ અને વાક્ય રચના ૨<br>- ઉપસંહાર ૧<br>**નીચેના મુદ્દાઓને ધ્યાનમાં રાખીને નિબંધ લખવો :**<br>- વિષયની પસંદગી<br>- શરૂઆત : આકર્ષક, સ્વાભાવિક અને સચોટ<br>- કાવ્યપંક્તિ, સુભાષિત કે અવતરણ આવકાર્ય<br>- વિષયાંતર ન થાય તેની કાળજી<br>- સુંદર, સુવાચ્ય અક્ષર, જોડણી શુદ્ધ અને ભાષાશૈલી પ્રત્યે કાળજી | |
| | બ. | **આપેલા મુદ્દાઓને આધારે વાર્તા**<br>શીર્ષક :'સફળતાની ચાવી ' (ઉચિત અને અર્થપૂર્ણ શીર્ષક સ્વીકાર્ય)<br>બોધ : મહેનત કરવાથી સફળતા પ્રાપ્ત થાય છે.<br>અથવા<br>મન મક્કમ હોય તો સફળતા જરૂર પ્રાપ્ત થાય છે.<br>- ભાષાશૈલી, ભાષા શુદ્ધિ ૧<br>- વિષયવસ્તુ અને રસપ્રદ વર્ણન ૩<br>- શીર્ષક ૧<br>- બોધ ૧<br>આપેલા મુદ્દાઓને આધારે પોતાની મૌલિકતાથી વાર્તાનો વિસ્તાર કરવો.<br>- વાર્તા મોટે ભાગે ભૂતકાળમાં જ લખવી.<br>- વાર્તા મુદ્દાને અનુરૂપ જ લખવી.<br>- ભાષા સરળ અને પ્રવાહી, રસપ્રદ લખાણ જરૂરી<br>- મુખ્ય પાત્ર, પ્રસંગ કે ઉદ્દેશ પરથી યોગ્ય શીર્ષક આપવું અને બોધ લખવો. | **6 × 1 = 6** |
| | ક. | **તમારા વિસ્તારમાં સોસાયટીની પાસે કચરાના ઢગલા દૂર કરવા માટે મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશ્નરને પત્ર :**<br>- સરનામું (બંને સરનામા) અને તારીખ ૧.૫<br>- વિષયવસ્તુ અને અભિવાદન ૧<br>- વિષયવસ્તુ અને ભાષાશુદ્ધિ ૨.૫<br>- સમાપન, લિખિતંગ ૧<br>**નીચેના મુદ્દાઓને ધ્યાનમાં રાખીને પત્ર લખવો :**<br>- પત્રનું સરનામું, સંબોધન અને લિખિતંગ એક જ બાજુ એટલે કે ડાબી બાજુએ લખવું (International Method)નવી પદ્ધતિ પ્રમાણે પત્ર લેખન કરવું. | **6 × 1 = 6** |

| ક્રમ | પ્રશ્ન | ઉત્તરના મુદ્દા | ગુણ વિભાજન |
|---|---|---|---|
| | | - સરનામું, સંબોધન અને વિષયની યોગ્યતા<br>- પત્રલેખનમાં સ્વાભાવિકતા જરૂરી<br>- પત્રની ભાષા સરળ, શુદ્ધ હોવી જરૂરી<br>- વિષયનું માહિતીપ્રદ વર્ણન આવશ્યક<br>- કાર્યાલયને લગતા પત્રોમાં તેમજ વ્યવસાયિક તથા સરકારી પત્રોમાં વિવેકપૂર્ણ સ્પષ્ટ મુદ્દા અને સંક્ષિપ્ત લખાણ જરૂરી<br>**અથવા**<br>**વર્તમાનપત્ર વાંચવાથી થતા લાભ વિશે મિત્રને પત્ર :**<br>- સરનામુ અને તારીખ ૧.૫<br>- સંબોધન અને અભિવાદન ૧<br>- વિષયવસ્તુ અને ભાષાશુદ્ધિ ૨.૫<br>- સમાપન, લિખિતંગ ૧<br>**નીચેના મુદ્દાઓને ધ્યાનમાં રાખીને પત્ર લખવો :**<br>- પત્રનું સરનામું, સંબોધન અને લિખિતંગ એક જ બાજુ એટલે કે ડાબી બાજુએ લખવું (International Method)નવી પદ્ધતિ પ્રમાણે પત્ર લેખન કરવું.<br>- પત્રલેખનમાં સ્વાભાવિકતા જરૂરી<br>- પત્રની ભાષા સરળ, શુદ્ધ હોવી જરૂરી<br>- વિષયનું માહિતીપ્રદ વર્ણન આવશ્યક<br>- સરનામું, સંબોધન અને વિષયની યોગ્યતા | |
| | ડ. | **રોગચાળો ફાટી નીકળ્યો છે તો તેને નિયત્રંણ કરવા માટેના ઉપાયો બતાવેતો લેખ લખો.**<br>- વિષયવસ્તુ ૩.૫<br>- ભાષા શુદ્ધિ ૧.૫<br>**નીચેના મુદ્દાઓને ધ્યાનમાં રાખીને લેખ લખવો :**<br>- વિષયના અનુસંધાનમાં વિષયવસ્તુની રજૂઆત<br>- જોડણી શુદ્ધિ અને ભાષાશૈલી પ્રત્યે કાળજી<br>અથવા<br>'બેટી બચાવો' વિશે જાહેરાત બનાવો.<br>- ચિત્રાત્મક રજૂઆત ૧.૫<br>- સૂત્રાત્મક રજૂઆત ૧<br>- સમગ્ર પ્રસ્તુતીકરણ ૨.૫<br>**નીચેના મુદ્દાઓને ધ્યાનમાં રાખીને જાહેરાત તૈયાર કરવી :**<br>- ચિત્રાત્મક રજૂઆત<br>- ગુણવત્તાલક્ષી મુદ્દાઓની સચોટ છણાવટ<br>- ટૂંકી આકર્ષક રજૂઆત<br>- દમદાર સૂત્ર દ્વારા અસરકારક રજૂઆત | **5 × 1 = 5** |

| ક્રમ | પ્રશ્ન | ઉત્તરના મુદ્દા | ગુણ વિભાજન |
|---|---|---|---|
| | | Section – C (Applied Grammar) | |
| ૩. | અ. | **(૧) રૂઢિપ્રયોગના અર્થ અને વાક્ય પ્રયોગ :**<br>(૧) સિદ્ધિઓ હાંસલ કરવી. ૦.૫<br>વા. ત્રિભુવનદાસે અમૂલ ડેરી બનાવવાના સોપાન સર કર્યા. ૦.૫<br>(૨) ઉંમર વધી જવી ૦.૫<br>વા. જીવનમાં સફળતા પ્રાપ્ત કરતા કરતા મનુભાઈના વાળ ધોળા થઈ ગયા. ૦.૫<br>(૩) યોજના કે ગોઠવણ નિષ્ફળ જવી. ૦.૫<br>વા. રામુકાકા બીમાર પડવાથી રામની બાજી બગડી ગઈ. ૦.૫ | **1 × 3 = 3** |
| | બ. | **નીચેના શબ્દોનો સંધિ વિગ્રહ કરો :**<br>(૧) દેવર્ષિ : દેવ + ઋષી<br>(૨) હિતેચ્છુ : હિત + ઈચ્છુ | **1 × 2 = 2** |
| | ક. | **(૧) કૌંસમાં આપેલ સૂચના પ્રમાણે રૂપાંતર કરો.**<br>(૧) ચમત્કારી વસ્ત્રને સાધવાનું કામ સહેલું નથી. (વિધિ વાક્ય બનાવો)<br>જ. ચમત્કારી વસ્ત્રને સાધવાનું કામ સહેલું છે.<br>(૨) અહિંસા વિના સત્યની શોધ અસંભવિત છે. (નિષેધ વાક્ય બનાવો)<br>જ. અહિંસા વિના સત્યની શોધ સંભવિત નથી. | **1 × 2 = 2** |
| | | **(૨) કૌંસમાં આપેલ સૂચના પ્રમાણે રૂપાંતર કરો.**<br>(૧) તે સારા ટકાથી પરીક્ષામાં ઉત્તીર્ણ થયો. (પ્રશ્નાર્થ વાક્ય બનાવો)<br>જ. તે સારા ટકાથી પરીક્ષામાં ક્યાં ઉત્તીર્ણ ન થયો ?<br>(૨) ખલાસીઓ ખૂબ જ જોખમી સાહસ ખેડે છે. (ઉદ્‌ગાર વાક્ય બનાવો)<br>જ. વાહ ! ખલાસીઓ કેવું જોખમી સાહસ ખેડે છે ! | **1 × 2 = 2** |
| | ડ. | **લેખનરૂઢિ પ્રમાણે વાક્ય સુધારી ફરી લખો.**<br>(૧) કોરવો અને પાંડવો સાથે યુદ્ધ થયૂ હતૂં.<br>જ. કૌરવો અને પાંડવો વચ્ચે યુદ્ધ થયું હતું.<br>(૨) ભાશા અને સંસકુતી એક બિજાની સાથે શંકલાયેલિ છે.<br>જ. ભાષા અને સંસ્કૃતિ એકબીજાની સાથે સંકળાયેલી છે. | **1 × 2 = 2** |
| | ઈ. | **કહેવત સમજાવો.**<br>(૧) દુકાળમાં અધિક માસ :<br>જ : એક મુશ્કેલી દૂર કરીએ ત્યાં બીજી મુશ્કેલી આવી પડવી.<br>(૨) અધૂરો ઘડો છલકાય ઘણો :<br>જ : અપૂર્ણ કે અધકચરું જ્ઞાન હોવા છતાં જ્ઞાની હોવાનું અભિમાન રાખે. | **1 × 2 = 2** |

| ક્રમ | પ્રશ્ન | ઉત્તરના મુદ્દા | ગુણ વિભાજન |
|---|---|---|---|
| | ઈ. | **સૂચના પ્રમાણે કરો.**<br>(૧) દુનિયામાં રહેવું હોય તો ધૂળનો પણ ખપ પડે. (અનુગ શોધીને લખો.)<br>જ : માં , નો<br>(૨) મારો દીકરો કાયમ માટે અહીં પાછો આવી ગયો. (નામયોગી શોધીને લખો.)<br>જ : માટે | **1 × 2 = 2** |
| | | Section – D (Literature) | |
| ૪. | અ. | **નીચેનો ગદ્યખંડ વાંચી, તેની નીચેના પ્રશ્નોના જવાબ લખો.**<br>(૧) સરદાર વલ્લભભાઈ પટેલે વિચારોના બીજનું વાવેતર કર્યું હતું .<br>(૨) ત્રિભુવનદાસને 'કૉમ્યુનિટી લીડરશીપ' માટે ફિલિપાઈન્સનો રેમન મેગ્સેસે એવોર્ડ આપવામાં આવ્યો હતો.<br>(૩) ત્રિભુવનદાસે ૩ જૂન ૧૯૯૪માં ૯૧ વર્ષની વયે ચિર વિદાય લીધી હતી. | **1 × 3 = 3** |
| | બ. | **કોઈપણ બે વિધાનોના કારણો આપો.**<br>- વિષયવસ્તુ ૧.૫<br>- જોડણી, ભાષાશુદ્ધિ ૦.૫<br>(૧) દુષ્ટ યવનનો સ્પર્શ થયો હોવાથી ભદ્રંભદ્ર એ સ્ટેશન પર જ સ્નાન કરી લીધું. સ્નાન કર્યા પછી ગાડીમાં બેઠા તે સમયે ગાડીને ઉપડવાને ૧૫ મિનિટની વાર હતી. ભદ્રંભદ્ર ફરીવાર ગાડીમાંથી નીચે ઊતર્યા. નીચે પાણી છંટાવ્યું, ચોકો કર્યો તેના ઉપર ઊભા રહી ગયા, ને ત્યાં ઊભા રહીને પાણી પીધું. આમ , લેખકે ભદ્રંભદ્રની અંધશ્રદ્ધા અને જૂનવાણી વિચારોની રજૂઆત કરતો પ્રસંગ તેમની સરળ શૈલીમાં રજૂ કર્યો છે.<br>(૨) સામાન્ય રીતે ભારત દેશના લોકો હૉટેલમાં જાય ત્યારે વધારે ભોજન મંગાવે છે, તેનાં મુખ્ય કારણમાં પોતાના ખોટા વૈભવનું પ્રદર્શન કરવાની વૃત્તિ તેમજ એક એવો વિચાર કે જે મંગાવે છે, તેના માટે તે પૈસા ચૂકવે છે, તેથી તે કોઈ ખોટું નથી કરતાં.<br>(૩) મહાબળેશ્વરમાં વહેલી સવારે પોણાચાર વાગે સૂર્યોદય થાય છે. એટલા વહેલા ઊઠીને હાડમારી ભોગવવા કરતાં આબુ જવું સારું. સૂરજ તો બધે જ સરખો. મહાબળેશ્વરમાં જે સૂરજ દેખાય છે, તે જ સૂરજ આબુમાં જોવા મળે છે. આબુમાં સૂરજ મળસ્કે પોણાચાર વાગે નથી ઊગતો. મહાબળેશ્વરની સરખામણીમાં આબુ જવાનું, ફરવાનું, રહેવાનું સસ્તું છે, જ્યારે મહાબળેશ્વર મોંઘુ છે. | **2 × 2 = 4** |
| | ક. | **નીચેનામાંથી કોઈપણ બે પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમોમાં ઉત્તર લખો.**<br>- વિષયવસ્તુ ૧.૫<br>- જોડણી, ભાષાશુદ્ધિ ૦.૫<br>(૧) કાન્તિની પત્ની રમા તેના સાસુ પ્રત્યે નફરતનો ભાવ રાખતી. લગ્ન પછી બીજે જ વર્ષે તેઓ ગામ છોડી અમદાવાદ રહેવા જતા રહ્યા.કાન્તિ બાને દર મહિને નિયમિત પૈસા મોકલાવે તે રમાને ગમતું નહિ. પોતાના પતિને બા વિરુદ્ધ વાતો | **2 × 2 = 4** |

| ક્રમ | પ્રશ્ન | ઉત્તરના મુદ્દા | ગુણ વિભાજન |
|---|---|---|---|
| | | કરીને બા વિમુખ કરી દીધેલો. બા એ પોતાના પુત્રને બચતનાં પૈસા લાગણીથી મોકલાવેલાં તેનો આદરપૂર્વક સ્વીકાર કરવાની જગ્યાએ રમા એમ કહેતી ''આપણે જે રૂપિયા બાને મોકલાવેલાં તેમાંથી બચત કરીને , આપણને મોકલાવ્યા એમાં નવું શું ?'' આવી હીન વિચારોવાળી રમા દરેક બાબતમાં બાની તેના પુત્ર તરફની લાગણીનો અવળો મતલબ કાઢતી. આ રીતે કાન્તિના મગજમાં એના જ વિચારો ઠસાવીને કાન્તિને બાથી આઘો જ રાખતી.<br>(૨) આઝાદીની લડતનો સમયગાળો હતો.લડતનો અંતિમ તબક્કો પસાર થઈ રહ્યો હતો. ગાંધીબાપુ ના જન-જાગૃતિ અભિયાન દ્વારા દેશ આખામાં નાના બાળકોથી માંડી વૃદ્ધો સૌ કોઈ દેશભક્તિના રંગે રંગાયેલા હતા. આઠ વર્ષનો દીપક પણ આમાંથી બાકાત ન હતો. ઘેર ઘેર વાવટો ફરકાવવાની હાકલથી પ્રેરાઈને દીપક વાવટાની વ્યવસ્થા કરીને જાતે જ તેને અગાશી પર ફરકાવવા લઈ જાય છે. દીપકના પિતાજી આંદોલનના વિરોધી હોવાથી દીપકને તેઓ આવી જાય તેની બીક સતત રહેતી. આથી ઉતાવળ કરવા જતાં તે નીચે પટકાયો અને માથાના ભાગે વાગતાં તે ઘવાયો હતો.<br>(૩) પોર્ટુગીઝ ગવર્નરના કાયદાઓ નિરાધાર બાળકો માટે ઘણા આકરા હતા. કાનજી મૃત્યુ પામતાની સાથે જ તેનો ચૌદ વર્ષનો પુત્ર નિરાધાર બની જવાનો હતો અને તેની કાનજીને સતત ચિંતા થતી કે એના પુત્ર પર ખ્રિસ્તી પાદરીઓનો કાયદો મોટી આફત તો નહિ વરસાવે ને ? આ ચિંતામાં મરણ પથારીએ પડેલા-કાનજીનો જીવ નીકળતો ન હતો. | |
| | ડ. | **નીચેનામાંથી કોઈપણ એક પ્રશ્નનો વિસ્તૃત ઉત્તર લખો.**<br>- વિષયવસ્તુ ૩<br>- જોડણી, ભાષા શુદ્ધિ ૧<br>(૧) 'કન્યા વિદાય' જેવો ગંભીર ને કરુણ પ્રસંગ - વાર્તા નાયક રમઝુ - ભરયુવાનીમાં પોતાની પત્ની ગુમાવવી - પત્નીના પ્રેમની નિશાનીરૂપ તેમની બે વર્ષની બાળકી સકીના ન -માઈ - મા-બાપ બંનેની જવાબદારી રમઝુના શિરે - જેને પ્રેમાળ રમઝુ ખૂબ જ સભાનતાથી નિભાવે - ગામના સારા-માઠા પ્રસંગે રમઝુ શહેનાઈનાં સૂર રેલાવવા - સકીનાને સાથે લઈને જ જાય - મા વિનાના બાળકને ઉછેરવા એ મુશ્કેલ - પ્રેમાળ બાપ તેના ચહેરા પર કે સકીનાના દિલ-દિમાગ પર લાવવા દેતો નથી - રમઝુ વહાલસોયી દીકરીને હૃદય પર પથ્થર મૂકી તેના સાસરે વળાવી - વાર્તાના પ્રસંગમાં ભૂધર મેરાઈની દીકરી ગવરીનો વિદાય પ્રસંગ - રમઝુની શહેનાઈનાં દર્દીલા સૂર - વાતાવરણ ગંભીર - રમઝુ મીરની શહેનાઈમાંથી વહી જતાં દર્દીલા સૂર વધારેને વધારે દર્દીલા બનવા - રમઝુની આંખ ગવરીના રૂપમાં પોતાની પુત્રી | **4 × 1 = 4** |

| ક્રમ | પ્રશ્ન | ઉત્તરના મુદ્દા | ગુણ વિભાજન |
|---|---|---|---|
| | | સકીનાને જોવી - પુત્રી સકીનાની વિદાયનો પ્રસંગ - રમઝુની આંખો સમક્ષ તાજો થવો - સકીનાની વિદાય પછી રમઝુ એકલો - પુત્રી સકીના પણ આ દુનિયાને છોડી જવી - મા ને બાપની બબ્બે જવાબદારી નિભાવીને સકીના ને મોટી કરી પરણાવી.<br>(૨) 'પ્રાણનો મિત્ર ' નવલિકામાં બલાઈનાં પ્રકૃતિપ્રેમનું આલેખન - સાવ નાની વિગતો પણ વાર્તાના ઘડતરમાં ફાળો - આ વાર્તા વાંચતા જણાઈ આવે છે. બલાઈ બગીચામાં રસ્તા વચ્ચે ઊગતા શીમળાના વૃક્ષને કાપવાની ના - બલાઈએ રસ્તા વચ્ચે એક નાના છોડનો અંકુર જોયો. તેણે કાકાને બોલાવી પૂછ્યું, "આ કયું વૃક્ષ છે ?" કાકાએ જણાવ્યું "આ તો શીમળાનું વૃક્ષ છે." બલાઈ રોજ તેને થોડું થોડું સવાર-સાંજ પાણી પાતો ને છોડ કેટલો વધ્યો તે જોતો. શીમળાનું વૃક્ષ બે હાથ ઊંચુ થયું ત્યારે કાકાએ કહયું "માળીને કહેવું પડશે એને ઉપાડીને ફેંકી દે" બલાઈ ચમકી ગયો , એણે કહ્યું , " ના કાકા તમારા પગે પડું, તેને ઉખાડી નાખશો નહિ." કાકાએ કહ્યું , "તું શું બોલે છે, તેનું ભાન નથી. રસ્તાની વચોવચ ઊગ્યું - ને મોટું થતાં ચારે - બાજુ ઘટા ફેલાવી પરેશાન કરી મૂકશે." બલાઈ કાકી પાસે ગયો, તેના ખોળામાં બેસી તેના ગળે વળગી ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યો. "કાકી તમે કાકાને રોકો, કહો કે ઝાડ ન કાપે ." | |
| ૫. | અ. | **કાવ્ય સમીક્ષાના ઉત્તરો** | **1 × 2 = 2** |
| | | (૧) કવિ ભૂખ્યા માટે ભોજન અને તરસ્યા માટે પાણી બનવાનું ઈચ્છે છે.<br>(૨) કવિ હૈયાના દરેક સ્પંદને પ્રભુના નામનું રટન ઈચ્છે છે. | |
| | બ. | **કાવ્ય પંક્તિના પ્રશ્નોના ઉત્તર :** | **1 × 2 = 2** |
| | | (૧) પિંજરાનું બારણું ખોલીને કવિ પંખીને કહે છે કે હવે તું મુક્ત(આઝાદ) છે.<br>(૨) પંખીએ માણસ સામે જોયા પછી તે પિંજરામાં પાછું જતું રહ્યું. | |
| | ક. | **કોઈપણ એક પ્રશ્નનો બે-ત્રણ વાક્યોમાં ઉત્તર :** | **2 × 1 = 2** |
| | | - વિષય વસ્તુ ૧.૫<br>- જોડણી, ભાષાશુદ્ધિ ૦.૫<br>(૧) બીજાના દુઃખે દુઃખી ત્યારે થઈ શકાય, જ્યારે આપણને બીજાના દુઃખની જાણ થાય. બીજાના દુઃખની જાણ થતાં જ આપણે તેના દુઃખમાં સહભાગી થવાની પ્રક્રિયા શરૂ કરીએ. અન્યના દુઃખને આપણે અનુભવી શકીએ. પછી તેના પ્રત્યે સહાનુભૂતિ કેળવવા પ્રયાસ કરીએ.<br>(૨) નાયિકા દીવાનખાનાને સુવ્યવસ્થિત રીતે ગોઠવવાનું વિચારે છે. દીવાનખાનામાં રહેલી જૂની વસ્તુઓ ની જગ્યા બદલીને નવી વસ્તુઓ તેમજ ગાલીચાની જગ્યાએ કારપેટ નખાવીને દીવાનખાનાને સુશોભિત કરે છે. પરંતુ કાવ્યના અંતમાં નાયિકાને એકલતાની વેદનાનો અણસાર આવતાં તે દીવાનખાનાની બારીમાંથી માત્ર રસ્તો | |

| ક્રમ | પ્રશ્ન | ઉત્તરના મુદ્દા | ગુણ વિભાજન |
|---|---|---|---|
| | | જોતી ઊભી રહે છે. | |
| | ૬. | **નીચેનામાંથી કોઈપણ ચાર પ્રશ્નોના એક -એક વાક્યમાં ઉત્તર :** | **1 × 4 = 4** |
| | | (૧) કૃષ્ણ વૃંદાવનની ગલીમાં થનક થનક નાચે છે.<br>(૨) વર્ષાના આગમન પહેલાં સમગ્ર પ્રકૃતિ જાણે જીવરહિત લાગતી હતી. જ્યારે વર્ષાના આગમનની સાથે જ પ્રકૃતિમાં જીવ આવી જાય છે.<br>(૩) કવિ અજાણી વ્યક્તિનો હાથ હાથમાં મેળવીને એકમેકના હૃદયનો ભાવ મેળવવાની ખેવના રાખે છે.<br>(૪) ગોપીએ કાનાની વાંસળી સાંભળીને મા-બાપને એકલાં મૂક્યાં છે.<br>(૫) દાન અલગ-અલગ પ્રકારનાં છે. દાન કરનાર દાન કર્યા પછી તેના વિશે કોઈને પણ જાણ કરતો નથી. એક હાથે કરેલા દાનની જાણ બીજા હાથને પણ થવી ન જોઈએ. આ ઉદાહરણ દ્વારા કવિ ગુપ્ત દાનનો મહિમા સમજાવે છે.<br>****** | |
| | | | |